The Economic Times (Guj.)

July 19, 2016
Page No.10

**બે વર્ષ કરતાં ઓછા સમયથી સક્રિય મુંબઈ સ્થિત CredRએ 2015-'16માં ₹85 કરોડની આવક નોંધાવી: હવે 500% વૃદ્ધિ કરશે**

# મુંબઈની આ ટુ-વ્હીલર સ્ટાર્ટઅપે ધૂમ સ્ટાઇલથી પૂરપાટ વૃદ્ધિ કરી




સુમિત છાઝડ (ડાબે), નિખિલ જૈન અને નિતિન મિત્તલ.

વિનય દ્વિવેદી
મુંબઈ

IIT બોમ્બેમાંથી અભ્યાસ કરીને બહાર આવેલા સુમિત છાઝડ, નિખિલ જૈન અને નીતિન મિત્તલ એક જૂનું બાઇક ખરીદવા માંગતા હતા. તેમણે ઓનલાઇન લિસ્ટિંગ જોયાં તથા સ્થાનિક ડીલર્સને મળ્યા, મિત્રો અને પડોશીઓ પાસે પણ પૃચ્છા કરી. અંતે તેમણે એક બાઇક પસંદ કર્યું અને તેમાં છેતરાઈ ગયા. ૨૬ વર્ષના છાઝડ કહે છે, "દર થોડા થોડા દિવસે અમારે બાઇકને મિકેનિક પાસે લઈ જવું પડતું હતું. અંતે અમે તેનું એન્જિન નવું નખાવ્યું અને રિપેરિંગનો ખર્ચ ખરીદકિંમત કરતાં ૫૦ ટકા વધી ગયો." આ અનુભવ પરથી તેમને લાગ્યું કે યુઝ્ડ ટુ-વ્હીલર્સના બજારમાં વધુ સારી સુવિધાની જરૂર છે. ફેબ્રુઆરી ૨૦૧૫માં તેમણે યુઝ્ડ ટુ-વ્હીલર્સ માટે ઓનાલઇન માર્કેટપ્લેસ CredRની સ્થાપના કરી. બે વર્ષ કરતાં ઓછા સમયથી સક્રિય મુંબઈ સ્થિત આ સ્ટાર્ટઅપે તીવ્ર વૃદ્ધિ નોંધાવી છે. તેમણે સેકન્ડ-હેન્ડ ટુ-વ્હીલરની ખરીદવેચાણને વધારે સરળ અને વિશ્વસનીય કામગીરી બનાવી દીધી છે. ગુણવત્તાની ચકાસણી માટે વાહનને પ્લેટફોર્મ પર લિસ્ટિંગ કરાવાય છે અને CredRની ઓટો નિષ્ણાતોની ટીમ તેની તપાસ કરી રેટિંગ આપે છે. તેમાં ૧૨૦ માપદંડોને ધ્યાનમાં રખાય છે. ગ્રાહકો તમામ માહિતી સાથે ખરીદી કરી શકે તે માટે વાહનનો ઈન્સ્પેક્શન રિપોર્ટ ઓનલાઇન મુકાય છે.

તેઓ બાઇકના વેચાણ પછી પણ ગ્રાહકોને વિવિધ સુવિધા આપે છે. ૨૭ વર્ષીય જૈને જણાવ્યું કે અમારું સ્ટાર્ટઅપ ગ્રાહકોને ટેસ્ટ રાઇડ, ઓનલાઇન બાઇક રિઝર્વેશન, લોન સહિતની સુવિધા આપે છે. તેઓ છ મહિનાની વોરંટી, એક વર્ષની રોડસાઇડ આસિસ્ટન્સ, બે લાખ રૂપિયાનો અકસ્માત વીમો અને બાયબેક પોલિસી ઓફર કરે છે. તેઓ હાલમાં મુંબઈ ઉપરાંત પૂણે, દિલ્હી, હૈદરાબાદ અને બેંગલુરુમાં પણ હાજરી ધરાવે છે.

CredRએ ફેબ્રુઆરી ૨૦૧૫માં ગ્રોથસ્ટોરી, કે. ગણેશ, મીના ગણેશ, કુનાલ બહલ, સ્નેપડીલના રોહિત બંસલ અને એમેઝોનના અમિત અગરવાલ પાસેથી ફંડ મેળવ્યું છે. તેમણે સપ્ટેમ્બર ૨૦૧૫માં ફિડેલિટીની ઈન્વેસ્ટમેન્ટ શાખા એઈટ રોડ વેન્ચર્સ પાસેથી ₹૧૦૦ કરોડનું ફંડિંગ મેળવ્યું હતું. ૨૫૦નો સ્ટાફ ધરાવતા સ્ટાર્ટઅપે ૨૦૧૫-'૧૬માં ₹૮૫ કરોડની કુલ આવક મેળવી હતી. ૨૦૧૬-'૧૭માં વાર્ષિક વૃદ્ધિદર ૫૦૦ ટકા રહેવાની શક્યતા છે. CredR હાલમાં દૈનિક ૧૫૦ ટ્રાન્ઝેક્શન કરે છે અને ચાલુ નાણાકીય વર્ષના અંત સુધીમાં તે દૈનિક ૧,૦૦૦ ટ્રાન્ઝેક્શન સુધી પહોંચવાની યોજના ધરાવે છે.